બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ, પાલનપુર
સંચાલિત
આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ
સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ, પાલનપુર
એસ. ટી. વર્કશોપની સામે, હાઈવે, પાલનપુર–૩૮૫૦૦૧ (બ.કાં.) ફોન : ૦૨૭૪૨–૨૫૯૯૫૭
E-Mail : rrmsclpcpalanpur@gmail.com FAX No. : 91-02742-256645
Accredited by NAAC: Grade - B

તારીખ: ૧૮/૦૬/૨૦૨૧

# નોટીસ

આથી સાયન્સ–કોમર્સના તમામ અધ્યાપકશ્રીઓને જણાવવાનું કે, બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ, પાલનપુરની કારોબારી સમિતિના સભ્યો સાથે તા.૧૧/૦૬/૨૦૨૧ના રોજ મિટિંગ થયેલી જે અનુસંધાને વિભાગીય અધ્યાપકશ્રીઓ સાથે મિટિંગના મુદ્દાની ગહન ચર્ચા કરવામાં આવેલી છે. આ બાબતે દરેક અધ્યાપકશ્રીએ નીચેની બાબતોનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧) દરેક ટીચીંગ અને નોન–ટીચીંગ સ્ટાફ સભ્યોએ કોલેજ કેમ્પસમાં ફોર્મલ કપડાં, ઈન્સર્ટ કરીને જ પહેરવાના રહેશે, તેમજ જીન્સ પેન્ટ, ટી–શર્ટ, સ્લીપર, ચંપલ કે સ્પોર્ટસ શૂઝ પહેરવા નહી.

(૨) કોલેજમાં કોઈ પણ પ્રકારની રજા મૂકતા પહેલા રજા રીપોર્ટ અગાઉથી વિભાગીય અધ્યક્ષશ્રીની સહી સાથે આચાર્યશ્રી પાસે મંજૂર કરાવ્યા, ખાતરી કરાવ્યાની બાદ જ રજા ઉપર જવું. યુનિવર્સિટીના નિયમાનુસાર રજા ઉપર જતા પહેલા પોતાના કાર્યભારની વૈકલ્પિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૩) દરેક અધ્યાપકે UGC રેગ્યુલેશન, ૨૦૧૦ તેમજ યુનિવર્સિટીના પરિપત્ર નં. ૨૪૫/૨૦૧૧ તા.૦૮/૦૯/૨૦૧૧ મુજબ અઠવાડિક ૪૦ કલાક પૈકી Direct teaching -16 hours, Preparation of teaching -10 hours, Continuous / Comprehensive Evalution – 04 hours, Administrative work-02 hours, Co-Curriculur / Extracurricular activities -04 hours, Extension activities -04 hours મુજબ કામગીરી કરવાની રહેશે તેમજ UGC ના "Code of professional ethics નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪) ઉપરોકત બાબતો ઉપરાંત કોલેજના તમામ ટીચીંગ અને નોન–ટીચીંગ સ્ટાફ સભ્યોએ કોલેજમાં સમયસર હાજર રહેવું અને નિયત સમય સુધી હાજરી આપવી. કોઈક વિશિષ્ટ કારણોસર કોલેજ કેમ્પસ બહાર જવાનું થાય તો વિભાગમાં રજિસ્ટર નોંધ કરીને વિભાગીય અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરી લઈને પછી જ કેમ્પસ બહાર જવું. અધ્યક્ષશ્રીએ આચાર્યશ્રીને જાણ કરીને રજીસ્ટરમાં નોંધ કરીને પછીજ જવું.

(૫) દરેક ટીચીંગ અને નોન–ટીચીંગ સ્ટાફે પોતાની દૈનિક એકટીવીટીની પોતાની ડાયરી બનાવી નોંધવી તેમજ મંડળ દ્વારા જયારે "Annual Performance Appraisal" રીપોર્ટ ભરવાનું જણાવવામાં આવે ત્યારે તેમાં નોંધ કરવી.

(૬) દરેક અધ્યાપકે N-List પ્રોગ્રામ અંતર્ગત ઓનલાઈન રેફરન્સ બુકસ અને રીસર્ચ જર્નલ્સનો વધુમાં વધુ ઉપયોગ કરવો, જે માટે લાઈબ્રેરીયન ડૉ.સમીર ચૌધરીનો સંપર્ક કરવો.

(૭) દરેક સ્ટાફ જયારે પણ લાયબ્રેરીમાં રીડીંગ માટે કે અન્ય કામકાજ અર્થે જાય ત્યારે લાયબ્રેરી રજિસ્ટરમાં અચૂક પોતાની હાજરીની નોંધ કરવી.

(૮) જે વિષયોમાં UG અને PG બંને ચાલતા હોય તેવા વિષયોમાં UG ના વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને અવરોધ ન થાય તે રીતે PG પ્રોગ્રામ ચલાવવો.

(૯) વિભાગીય અધ્યક્ષશ્રીએ સાયન્સમાં દરેક અધ્યાપકને પ્રેકટીકલ્સ અને લેકચરની સપ્રમાણ વહેચણી કરવી તેમજ કોમર્સમાં ગુજરાતી અને અંગ્રેજી બંને માધ્યમમાં અધ્યાપકોના વ્યાખ્યાન ગોઠવવા.

(૧૦)વિભાગીય અધ્યક્ષશ્રીએ પોતાના વિષયના અધ્યાપકો સાથે તેમજ અન્ય અધ્યાપકો સાથે વિચાર વિમર્શ કરીને નેશનલ,સ્ટેટ લેવલ સેમિનાર,કોન્ફરન્સ તેમજ વેબીનારનું આયોજન કરવું જે માટેની પ્રપોઝલ દિન–૧૦માં કાર્યાલયમાં મોકલી આપવી.

(૧૧) જયાં સુધી ઓફલાઈન લેકચર્સ શરૂ ન થાય ત્યાં સુધી અને કોવિડ–૧૯ ની સંભવિત ત્રીજી લહેરને દયાનમાં રાખીને દરેક અધ્યાપકે ઓનલાઈન લેકચર્સની પ્રિપેરેશન કરતા રહેવું તેમજ ઓનલાઈન લેકચર્સનો રેકોર્ડ મેઈન્ટેન કરવો.

(૧૨) ફેકલ્ટીના દરેક સ્ટાફ માટે ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામનું આયોજન ડીપાર્ટમેન્ટ દ્વારા કરવું.

(૧૩) કેમ્પસ પ્લેસમેન્ટ માટે દરેક વિભાગે વિષય સંબંધિત જુદી જુદી કંપનીઓનો સંપર્ક કરતા રહેવું અને દર માસે ઈન્ટરવ્યુનું આયોજન થાય તે માટે મુખ્ય પ્લાનીંગ કરવું.આ કેમ્પસ પ્લેસમેન્ટ માટે મંડળની " કોર પ્લેસમેન્ટ કમિટિ " માં કોલેજના એક/બે પ્રતિનિધી કો–ઓડીનેટર તરીકે રહેશે.

(૧૪) દરેક વિભાગે પોતાના વિભાગની એકટીવીટી રીપોર્ટ માસિક તૈયાર કરીને જે તે મહિનો પૂર્ણ થયાના બે દિવસમાં કાર્યાલયમાં જમા કરાવવો.વેબસાઈટ કમિટીએ તે નિયમીત રીતે અપલોડ કરવાનો રહેશે.

આચાર્ય
આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ અને
સી. એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ,
પાલનપુર - ૩૮૫૦૦૧